કૃપાકરી પ્રકાશનાર્થ– ૧૮-૨-૨૦૦૯

***માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈક અને ઝોપડપટ્ટી બચાવ સમિતી,કાંદિવલી પશ્ચિમનાં સંયોજક શ્રી બાબા સિંહે બુધવાર,૧૮ ફેબ્રુઆરી ૨૦૦૯ નાં મુંબઈ ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં કરેલ નિવેદન***

## ચારકોપ મેટ્રો માટે ટેન્ડર નઆવવાનું ખરૂં કારણ જનતાનો કારશેડ માટે રહેલો વિરોધ – રામ નાઈક

**મુંબઈ,બુધવાર :** " મેટ્રો રેલ્વે ના ચારકોપ-માનખુર્દ માર્ગ માટે ત્રણ વખત ટેન્ડર બહાર પાડવા છતાંયે તે ભરવામાંઆવ્યા નહીં.આબાબતને મંદી અને કંપનીઓનાં પારસ્પરિકકિહતસંબંધ કારણભૂત હોવાનું એમએમઆરડીએ અને મહારાષ્ટ્ર સરકાર કહેતાં હોવા છતાંયે ખરૂં કારણ ચારકોપ કારશેડ પ્રકલ્પને થનાર સ્થાનિક નાગરિકોનો જબરદસ્ત વિરોધ છે.એમએમઆરડીએ અને મહારાષ્ટ્ર સરકારે આ ધ્યાનમાં લેવું જોઈએ," આ મુજબનું સંયુકત પ્રતિપાદન માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક અને ઝોપડપટ્ટી બચાવ સમિતી,કાંદિવલી પશ્ચિમ નાં સંયોજક શ્રી બાબા સિંહે પત્રકાર પરિષદ માં કરેલ છે.

પ્રસ્તાવિત ચારકોપ મેટ્રો કાર શેડ પ્રકરણ ની માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું કે," એમએમઆરડીએ એ ચારકોપ ખાતે પ્રસ્તાવિત કરેલ કારશેડ ને કારણે સંજય નગર,લાલજીપાડા,ગાંધી નગર,એકતા નગર,જનતા કૉલોની આ ઝોપડપટ્ટીના ૩૦ હજારથીયે વધુ લોકો બેઘર થનાર છે.તેથી સદર કારશેડ ની જગ્યા બદલવામાં આવે એવી માગણી સાથે ભારતીય જનતા પક્ષ,શિવસેના, કોંગ્રેસ,રાષ્ટ્રવાદી કોંગ્રેસ,બસપ,સમાજવાદી પક્ષ,મનસે,રિપબ્લિકન પક્ષ વગેરે સર્વ રાજકીય પક્ષો તેમજ સામાજીક સંગઠનો એ સાથે આવી ઝોપડપટ્ટી બચાવ સમિતી સ્થાપન કરી જનઆંદોલન શરૂ કરેલ છે.સમિતીએ હજારો નાગરિકો ની સહીનું મુખ્યપ્રધાન તેમજ વડાંપ્રધાનને નિવેદન આપી પ્રસ્તાવિત કારશેડ બદલવાની વિનંતી કરી હતી.પર્યાયી ખાલી ભૂખંડ ઉપલબ્ધ છે એ પણ સમિતીએ કહેલું છે.આ સંદર્ભે ચર્ચા કરવા પાછલાં બે મહિનામાં મુખ્યપ્રધાન શ્રી અશોક ચવ્હાણને ત્રણ પત્રો પાઠવી સમય માગવા છતાંયે તેમનાં તરફથી હજૂ સૂધી કોઈ પ્રતિસાદ નથી.એ સિવાય આ સંદર્ભે રાજય સરકારે બહાર પાડેલ અધિસૂચના પર વિરોધ કરવા છતાંયે તે બાબતે હજૂ સૂધી સુનાવણી થયેલ નથી.સદર જગ્યાએ એમએમઆરડીએ નાં અધિકારી જયારે સર્વેક્ષણ માટે ગયાં ત્યારે તેમને સ્વયંભૂ આંદોલનની સામનો કરવો પડયો માટે તેઓ કામ કરી શકયા નહીં.આ બધી બાબતો ને કારણે ઉકત કારશેડ માટે અને મેટ્રો માર્ગ માટે ટેન્ડર ભરવામાં વેપારી ડહાપણ નથી એવું જ આ મોટી કંપનીઓને લાગ્યું હશે."

ઉકત પ્રકલ્પ માટે હાલ પર્યંત ત્રણ વખત ટેન્ડરો મગાવવામાં આવ્યા,છતાંયે ટેન્ડરો ન આવ્યા તો ફરી એક વખત મુદ્દત વધારો આપવામાં આવ્યો હવાનું એમએમઆરડીએ ની વતી કહેવામાં આવ્યું.આ માર્ગ માટે કેંદ્ર સરકારે રૂ.૧,૫૩૨ કરોડ આપવાનું કહ્યાંબાદ પણ ફકત સરકારની અવળચંડાઈ ને કારણે મેટ્રોનું કાર્ય શરૂ થવા પામ્યું નથી." એમએમઆરડીએ નો અધિકારીવર્ગ અને રાજય સરકારે મંદી અને કંપનીઓના અંદરો-અંદર ગુંથાયેલ હિતસંબંધને કારણે ટેન્ડરો ભરાયાં નહીં એવાં કારણો આપવા કરતાં આત્મસંશોધન કરે તો જનભાવનાનો ન્યાય છે તે ધ્યાનમાં આવશે.મહારાષ્ટ્ર સરકારે આ પ્રકલ્પ બાબતે પુનર્વસનનું ધોરણ પણ હાલ સૂધી જાહેર કરેલ

નથી.પ્રત્યક્ષે કામ શરૂ કરતાં પહેલાં જ કારશેડની જગ્યા બદલવામાં આવશે તો મેટ્રો નું કાર્ય પૂર્ણ થઈ શકશે.જનતાનાં વિરોધ છતાંયે વેપારી જોખમ ખેડી કંપનીઓ ટેન્ડર ભરવાં આગળ આવશે એવી ગેરસમજમાં સરકારે ન રહેવું જાઈએ.ચારકોપ ખાતે બીજૂં 'સિંગૂર'થાય તેવી તો સરકારની ઈચ્છા નથી ને ?" તેવો પ્રશ્ન પણ અંતે શ્રી રામ નાઈકે પુછયો હતો.

શ્રી રામ નાઈક અને શ્રી બાબા સિંહ ની સાથે ઝોપડપટ્ટી બચાવ સમિતીનાં અન્ય સદસ્યો પણ ઉપસ્થિત હતાં.

**(બાબા સિંહ વતી)**